# ધી વેરાવળ પીપલ્સ કો-ઓપ. બેંક લી.

વહીવટી ઓફીસ : "વૃંન્દાવન", શુભમ ટાવર્સ સામે, બસ સ્ટેશન પાસે, વેરાવળ.
ફોન : ૨૪૪૦૭૭, ૨૨૧૨૦૧, ૨૪૪૧૨૨ ફેક્સ : ૨૪૪૧૨૩ email : headoffice@vpcbank.com- www.vpcbank.com

**કોર બેંકીગ સુવિધાથી સજ્જ, SMS ALERT, MISS CALL બેલેન્સ કવેરી, Mobile App., Rupay ATM / Debit Card, UPI, IMPS, QR Code વિગેરે સુવિધાઓ ઉપલબ્ધ...**

| રજીસ્ટ્રેશન નં. ૩૧૩૬<br>તા. ૩૧-૧૦-૧૯૫૯ | ૬૪મો વાર્ષિક અહેવાલ<br>૨૦૨૨-૨૦૨૩ | રીઝર્વ બેંક લાયસન્સ નં.<br>UBD. GJ 811 P તા. 29-12-1986 |
|---|---|---|

## : નોટીસ :

આથી બેંકના સભાસદોને જાણ કરવામાં આવે છે કે, બેંકની ૬૪ મી વાર્ષિક સાધારણ સભા તા. ૧૧-૦૭-૨૦૨૩ મંગળવારના રોજ સાંજના ૭-૩૦ કલાકે ભારત વિકાસ પરિષદ સંચાલિત, પંડિત દિનદયાળ ઉપાધ્યાય કોમ્યુનીટી હોલ, નવા ડાભોર રોડ, વેરાવળ મુકામે નીચે જણાવેલ કામકાજ કરવા માટે મળશે જેમાં સર્વે સભાસદોને સમયસર હાજર રહેવા વિનંતી છે.

## :કાર્યસૂચિ :

૧. ગત તા. ૨૧/૦૯/૨૦૨૨ ની વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીને બહાલી આપવા બાબત.
૨. સને ૨૦૨૨-૨૦૨૩ નાં ઓડિટેડ નાણાંકીય પત્રકો, ઓડિટ દુરસ્તી તથા વ્યવસ્થાપક સમિતિનો અહેવાલ વિચારણામાં લઇ બહાલ રાખવા બાબત.
૩. બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ભલામણ કરેલ અહેવાલના વર્ષના નફાની ફાળવણી મંજુર કરવા બાબત.
૪. સને ૨૦૨૩-૨૪ ના વર્ષ માટે સ્ટેચ્યુટરી ઓડીટર્સની નિમણુંકની નોંધ લેવા બાબત.
૫. વ્યાજ રાહત યોજના અન્વયે થયેલ કાર્યવાહીને બહાલી આપવા અંગે.
૬. પેટાનિયમ સુધારા-વધારા બાબત
૭. ચેરમેનશ્રીની મંજુરીથી અન્ય આવશ્યક કામકાજ બાબત.

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સના આદેશથી....**
**તા. ૨૧-૦૬-૨૦૨૩**

**(પરેશ એન. રાયમગીયા)**
જનરલ મેનેજર
ધી વેરાવળ પીપલ્સ કો-ઓપ. બેંક લી. વેરાવળ

## નોંધ

૧) સંક્ષિપ્ત વાર્ષિક અહેવાલની નકલ સાધારણ સભામાં સાથે લાવવા વિનંતી છે.
૨) સાધારણ સભામાં સભ્યોએ ઓળખકાર્ડ સાથે લાવવા વિનંતી છે.
૩) સભા અધ્યક્ષની મંજુરી સિવાય ઉપરમાં જણાવેલ એજન્ડા સિવાય અન્ય કોઇપણ પ્રકારની ચર્ચા હાથ ધરવામાં આવશે નહીં.
૪) તા. ૨૯-૦૯-૯૬ ની વાર્ષિક સાધારણ સભાએ મંજુર કરેલ ઠરાવ અનુસાર આ નોટીસથી અહેવાલના વર્ષના સંક્ષિપ્ત નાંણાકીય હિસાબો મોકલેલ છે. આમ છતાં જે કોઇ સભાસદોને વિશેષ માહિતીની આવશ્યકતા હોય તેઓને વિસ્તૃત વાર્ષિક અહેવાલ બેન્કની વેબસાઇટ ઉપરથી પણ ડાઉનલોડ કરી શકશે.
૫) બેન્કના અહેવાલના વર્ષના વાર્ષિક હિસાબોના સંક્ષિપ્ત અહેવાલ આ નોટીસથી મોકલાયેલ છે. વિસ્તૃત વાર્ષિક અહેવાલની નકલ લેખિત માંગણી કર્યેથી રૂબરૂ બેન્કની કચેરીએથી ઉપલબ્ધ રહેશે તેમજ પોસ્ટ દ્વારા મોકલી આપવામાં આવશે. જેના ઉપરાંત સભાસદશ્રીઓ ગુજરાત રાજય સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૩૩ ના પ્રાવધાન મુજબની જ માહિતી મેળવવા હક્કદાર છે જેની ખાસ નોંધ લેશો.

**અલ્પાહારનો સમય**
**સાંજના ૬-૩૦ થી ૭-૩૦ કલાક સુધીનો રાખવામાં આવેલ છે.**
**જેથી તે સમય દરમ્યાન સર્વ સભાસદશ્રીઓને અલ્પાહારનો લાભ લેવા વિનંતી કરવામાં આવે છે.**

| કુલ આવક, કુલ જાવક જોગવાઈઓ અને નફો | ૨૧-૨૨ ( ₹ લાખમાં) | ૨૨-૨૩ ( ₹ લાખમાં) |
|---|---|---|
| કુલ આવક | ૩૩૧૪.૫૩ | ૩૪૦૯.૬૬ |
| કુલ જાવક | ૨૭૩૬.૪૧ | ૨૫૯૨.૫૦ |
| ગ્રોસ નફો | ૫૭૮.૧૨ | ૮૧૭.૧૭ |
| જોગવાઈઓ | ૧૬૩.૧૨ | ૩૪૨.૦૬ |
| કાર્યકારી ચોખ્ખો નફો સરવૈયામાં લઇ જતા..... | ૪૧૫.૦૦ | ૪૭૫.૧૧ |

## બેંકની પ્રગતિના આંકડા

(રકમ ₹ લાખમાં)

| અનુ. નં. | વિગત | વર્ષ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ |
| ૧ | સભાસદ સંખ્યા | ૩૦૦૫૪ | ૩૦૫૬૦ | ૩૧૩૩૪ | ૩૧૪૪૪ | ૩૧૫૧૧ |
| ૨ | શેર ભંડોળ | ૬૭૨.૬૯ | ૭૫૨.૦૨ | ૭૮૪.૩૪ | ૭૯૩.૫૦ | ૮૯૭.૪૦ |
| ૩ | રિઝર્વ તથા અન્ય ફંડ | ૧૯૨૬.૦૫ | ૨૦૦૨.૮૧ | ૨૨૮૯.૬૬ | ૨૪૯૨.૮૪ | ૪૧૦૭.૮૯ |
| ૪ | થાપણ | ૨૮૭૬૨.૨૫ | ૩૧૮૭૧.૧૧ | ૩૪૩૪૭.૯૩ | ૩૫૫૭૫.૭૬ | ૩૬૮૦૦.૬૬ |
| ૫ | ધિરાણ | ૧૩૮૨૫.૦૮ | ૧૬૦૦૪.૪૭ | ૧૮૦૫૦.૦૫ | ૧૭૨૩૬.૯૬ | ૧૯૪૧૪.૬૧ |
| ૬ | કામકાજનું ભંડોળ | ૩૨૬૪૦.૭૮ | ૩૬૧૦૮.૧૨ | ૩૮૮૫૬.૭૩ | ૪૦૪૮૭.૨૭ | ૪૩૪૭૪.૪૦ |
| ૭ | નફો | ૧૬૧.૦૦ | ૨૭૨.૮૦ | ૩૦૧.૦૦ | ૪૧૫.૦૦ | ૪૭૫.૧૧ |
| ૮ | નેટ એન.પી.એ. % | 0 (ઝીરો) | ૦.૫૦ % | ૦.૦૫ % | 0 (ઝીરો) | 0 (ઝીરો) |
| ૯ | ઓડીટ વર્ગ | અ | અ | અ | અ | અ |

**-:: નફો તથા ફાળવણી ::-**

**બેંકનો કાચો નફો રૂા. ૮૧૭.૧૭ લાખ જેમાંથી જનરલ પ્રોવિઝન અગેન્સ્ટ સ્ટાન્ડર્ડ એસેટ ૭.૪૦ લાખ, બિલ્ડીંગ ફંડ ૧૦૦.૦૦ લાખ, એન.પી.એ. વ્યાજનું પ્રોવિઝન ૩૨.૬૧ લાખ, કન્ટીજન્સી ફંડ ૧૦.૦૦ લાખ, ઈન્વેસ્ટમેન્ટ ડેપ્રીએશન ફંડ ૭.૦૫ લાખ નું પ્રોવિઝન, ભરવાપાત્ર ઈન્કમટેક્ષ, પ્રોવિઝન સને ૨૦૨૨-૨૩ ના રૂા. ૧૮૫.૦૦ લાખ ચુકવણી કર્યા બાદ ચોખ્ખો નફો રૂા. ૪૭૫.૧૧ લાખ નો થયો છે. જેની વહેંચણી નીચે પ્રમાણે મંજુર રાખવા બોર્ડ ઓફ ડીરેક્ટર્સ આજની સભાને ભલામણ કરે છે.**

| | | |
|---|---|---|
| ૧) | પેટા નિયમ ૪૪ અ મુજબ અનામત ભંડોળ ખાતે ૨૫% મુજબ | ૧૧૮,૭૭,૭૫૦.૦૦ |
| ૨) | સહકારી કાયદાની સુધારેલી કલમ ૬૭-ક મુજબ<br>ડુબત અને શંકાસ્પદ લેણા અનામત ખાતે ૧૫% મુજબ | ૭૧,૨૬,૬૫૦.૦૦ |
| ૩) | પેટા નિયમ ૪૪-ડ મુજબ શેર ભંડોળ ઉપર ૧૩% ડીવીડન્ડ | ૧૧૦,૪૫,૯૮૬.૦૦ |
| ૪) | પેટા નિયમ ૪૪-ક મુજબ શિક્ષણ ફાળો | ૩,૦૦,૦૦૦.૦૦ |
| ૫) | પેટા નિયમ ૪૪-બ મુજબ મેમ્બર્સ બેનીફીટ ફંડ | ૩,૨૫,૦૦૦.૦૦ |
| ૬) | પેટા નિયમ ૪૪-ઈ-૧ મુજબ ચેરીટી ફંડ | ૫,૦૦,૦૦૦.૦૦ |
| ૭) | પેટા નિયમ ૪૪ઈ-૭ મુજબ ડીવીડન્ડ ઈક્વીલાઈઝેશન ફંડ | ૫,૦૦,૦૦૦.૦૦ |
| ૮) | પેટા નિયમ ૪૪ઈ-૧ મુજબ સ્ટાફ બેનીફીટ ફંડ | ૭,૦૦,૦૦૦.૦૦ |
| ૯) | પેટા નિયમ ૪૪ઈ-૪ મુજબ બિલ્ડીંગ ફંડ | ૨૫,૦૦૦.૦૦ |
| ૧૦) | પેટા નિયમ ૪૪ઈ-૧ મુજબ સહકાર, પ્રચાર શિક્ષણ ફંડ | ૧૦,૦૦૦.૦૦ |
| ૧૧) | ઈન્વેસ્ટમેન્ટ ફલક્ચ્યુએશન ફંડ ખાતે<br>(રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાના ઈન્વેસ્ટમેન્ટ અંગેના માસ્ટર સરક્યુલર પારા નં. ૧૮ માં સુચવ્યા મુજબ) | ૧૩૦,૦૦,૦૦૦.૦૦ |
| ૧૨) | સાયબર સિક્યુરીટી ફંડ ખાતે | ૨૧,૦૦,૬૧૪.૦૦ |
| | કુલ રૂપીયા | ૪,૭૫,૧૧,૦૦૦.૦૦ |

**ડીવીડન્ડ :- બેંકના બોર્ડ ઓફ ડીરેક્ટર્સ સભાસદોને અહેવાલના વર્ષ માટે ૧૩% લેખે ડીવીડન્ડ આપવાની ભલામણ કરે છે. તે સ્વીકારી બહાલ રાખવા વિનંતી..**

## વિમા કવચ

**બેંકની તમામ થાપણો સામે રિઝર્વ બેન્કના નિયમ અનુસાર બેંક દ્વારા દર છ માસે નિયમીત રીતે ભરવાપાત્ર પ્રીમીયમ ભરાયેલ છે. જેના કારણે થાપણદારોની ₹ ૫ લાખ સુધીની થાપણો વિમા કવચ હેઠળ સુરક્ષિત છે.**

# ધી વેરાવળ પીપલ્સ કો-ઓપ. બેંક લી.

## તા. ૩૧ મી માર્ચ ૨૦૨૩ નાં રોજનું સંક્ષિપ્ત સરવૈયું

(રકમ ₹ લાખમાં)

| ૩૧-૩-૨૦૨૨ | ભંડોળ-દેવું | ૩૧-૩-૨૦૨૩ | ૩૧-૩-૨૦૨૨ | મિલ્કત-લેણું | ૩૧-૩-૨૦૨૩ |
|---|---|---|---|---|---|
| ૭૯૩.૫૦ | વસુલ આવેલ શેરભંડોળ | ૮૯૭.૪૦ | ૭૬૦.૬૭ | હાથ ઉપર રોકડ | ૯૬૯.૩૨ |
| ૨૪૯૨.૮૪ | રિઝર્વ ફંડ તથા અન્ય ફંડ | ૪૧૦૭.૮૯ | ૨૨૩૭.૫૭ | નોટીફાઇડ બેંકોમાં ચાલુ ખાતે | ૩૧૯૭.૯૨ |
| ૩૫૫૭૫.૭૬ | થાપણો | ૩૬૮૦૦.૬૬ | ૧૮૨.૧૬ | અન્ય બેંકોમાં ચાલુ ખાતે | ૭૨૬.૫૦ |
| | | | ૧૫૪૬.૧૧ | બેંકોમાં મુદતી થાપણો | ૧૫૪૬.૧૧ |
| -- | કરજ | -- | ૧૭૨૮૦.૬૫ | રોકાણો | ૧૫૦૩૧.૧૯ |
| -- | વસુલાત માટેના બીલ્સ | -- | ૧૭૨૩૬.૯૬ | ધિરાણ | ૧૯૪૧૪.૬૧ |
| -- | બ્રાંચ એડજસ્ટમેન્ટ | -- | ૧.૭૮ | બ્રાન્ચ એડજસ્ટમેન્ટ | ૧.૭૮ |
| ૬૧૩.૭૮ | મુદતવિતી વ્યાજ અંગે રિઝર્વ | ૬૭૭.૩૬ | ૬૯૯.૫૫ | મળવાપાત્ર વ્યાજ | ૭૯૧.૨૩ |
| ૪૪૭.૨૫ | ચુકવવાપાત્ર વ્યાજ | ૪૫૪.૨૨ | -- | વસુલાત માટેના બિલ્સ | -- |
| ૧૪૯.૧૪ | અન્ય જવાબદારી | ૬૧.૭૬ | ૪૨૯.૩૬ | સ્થાવર મિલ્કતો | ૧૫૯૩.૨૯ |
| ૪૧૫.૦૦ | નફા-નુકશાન ખાતે | ૪૭૫.૧૧ | ૫૯.૦૮ | ફર્નિચર અને ફીકચર્સ | ૭૯.૨૧ |
| | | | ૫૩.૩૮ | અન્ય અસ્કયામતો | ૧૨૩.૨૪ |
| ૪૦૪૮૭.૨૭ | કુલ | ૪૩૪૭૪.૪૦ | ૪૦૪૮૭.૨૭ | કુલ | ૪૩૪૭૪.૪૦ |

## તા. ૩૧ મી માર્ચ ૨૦૨૩ નાં રોજ પુરા થતાં વર્ષનું નફા-નુકશાન ખાતું

(રકમ ₹ લાખમાં)

| ૩૧-૩-૨૦૨૨ | ખર્ચ | ૩૧-૩-૨૦૨૩ | ૩૧-૩-૨૦૨૨ | આવક | ૩૧-૩-૨૦૨૩ |
|---|---|---|---|---|---|
| ૧૮૩૦.૨૮ | થાપણ તથા કરજ ઉપર વ્યાજ | ૧૮૩૯.૩૭ | ૩૧૨૩.૭૯ | વ્યાજ અને વટાવ | ૩૨૧૦.૦૦ |
| ૬૭૫.૯૧ | પગાર ખર્ચ | ૫૨૧.૮૩ | ૩૨.૧૧ | કમિશન - દલાલી | ૩૭.૮૫ |
| ૬૪.૩૧ | ભાડુ, કર, વિમો, તથા ઈલે. ખર્ચ | ૬૬.૩૦ | ૧૬.૬૪ | સીકયોરીટી ના વેચાણથી | ૨.૦૫ |
| ૨.૧૭ | કોર્ટ - વકીલ ફી | ૬.૧૨ | | થયેલ આવક | |
| ૫.૬૮ | પોસ્ટેજ, ટપાલ, ટેલીફોન ખર્ચ | ૫.૪૬ | ૧૪૧.૯૯ | અન્ય આવક | ૧૫૯.૭૬ |
| ૫.૯૫ | ઓડીટ ફી | ૫.૫૩ | | | |
| ૩૩.૨૮ | મિલ્કત મરામત તથા ઘસારા ખર્ચ | ૨૮.૩૦ | | | |
| ૬.૪૨ | સ્ટેશનરી છાપકામ અને જાહેરાત | ૧૧.૪૯ | | | |
| ૨૭૫.૫૩ | અન્ય ખર્ચ અને જોગવાઈ | ૪૫૦.૧૫ | | | |
| ૪૧૫.૦૦ | કાર્યકારી નફો સરવૈયામાં લઈ જતા | ૪૭૫.૧૧ | | | |
| ૩૩૧૪.૫૩ | | ૩૪૦૯.૬૬ | ૩૩૧૪.૫૩ | | ૩૪૦૯.૬૬ |

## બોર્ડ ઓફ ડિરેકટર્સ, બોર્ડ ઓફ મેનેજમેન્ટ તથા CEO

| | |
|---|---|
| શ્રી અશોકકુમાર મગનલાલ ગદા | ચેરમેન |
| શ્રી વિક્રમ વૃન્દાવનદાસ તન્ના | મેને. ડિરેકટર |
| શ્રી સુનીલકુમાર રમણીકલાલ સુબા | જો. મેને. ડિરે., BOM |
| શ્રી કિશોરકુમાર મુળજીભાઈ કોટક | પ્રો. ડિરે., BOM |
| શ્રી ગીરીશકુમાર કનૈયાલાલ ઠક્કર | ડિરેકટર |
| શ્રી મહેશકુમાર કાન્તીલાલ આહ્યા | ડિરેકટર |
| શ્રી મુકેશકુમાર ગોવિંદજીભાઈ ચોલેરા | ડિરેકટર |
| શ્રી મહેન્દ્રકુમાર જમનાદાસ ગંગદેવ | ડિરેકટર |
| શ્રી રમેશચંદ્ર દ્વારકાદાસ ઠકરાર | ડિરેકટર |
| શ્રી પ્રકાશ જગજીવનદાસ તન્ના | ડિરેકટર, BOM |
| શ્રીમતી ચંદ્રિકાબેન વિનોદરાય કારીયા | ડિરેકટર |
| શ્રીમતી વત્સલાબેન શાંતીલાલ પોપટ | ડિરેકટર |
| શ્રી અરવિંદભાઈ સરમણભાઈ સિંધલ | ડિરેકટર, BOM |
| શ્રી અશ્વિનકુમાર જમનાદાસ ઉનડકટ | ડિરેકટર, તાલાલા |
| શ્રી દિનેશચંદ્ર ધીરજલાલ દેવાણી | ડિરેકટર, કેશોદ |
| શ્રી હરીશભાઈ હરજીવનભાઈ રૂપારેલીયા | ડિરેકટર, માંગરોળ |
| શ્રી ભૂવનેશભાઈ છગનલાલ કક્કડ | ડિરેકટર, જુનાગઢ |
| શ્રી ચિરાગ વિનોદરાય કારીયા | મેમ્બરશ્રી, BOM |
| શ્રી ઉપેન્દ્ર રમણીકલાલ તન્ના | મેમ્બરશ્રી, BOM |
| શ્રી રજનીકાંત આઈ. ચંદારાણા | CEO |

## –:: સભાસદશ્રીઓ જોગ ::–

**સહર્ષ જણાવવાનું કે, ગ્રાહક સેવામાં સદા અગ્રેસર એવી આપણી નાના માણસોની પોતાની બેંકની નવી શાખા APMC (માર્કેટ યાર્ડ) કાજલી ખાતે કાર્યરત થઇ ગયેલ છે. વિશેષમાં ચાલુ નાણાંકીય વર્ષમાં જુનાગઢ દોલતપરા વિસ્તારમાં વધુ એક નવી શાખા ખોલવાની આર.બી.આઇ. તરફથી મંજુરી આપવામાં આવેલ છે. જેનાથી જુનાગઢના આદ્યોગિક એકમોની બેન્કીંગ જરૂરીયાતો પૂર્ણ કરવાનો વિનમ્ર પ્રયાસ રહેશે.**

## –:: સભાસદો જોગ વિશેષ – વિનામૂલ્યે રૂા. ૨,૦૦,૦૦૦/– નો અકસ્માત વિમો ::–

બેન્કની આ ૬૦મી સભા (હિરક જયંતિ વર્ષની ઉજવણી)ના ભાગરૂપે સભાસદોના લાભાર્થે વિશેષ જાહેરાત કે, બેન્ક દ્વારા હવે તમામ વ્યક્તિ સભાસદોને "ગ્રુપ પર્સનલ એક્સીડન્ટ પોલિસી" હેઠળ કવરેજ આપી રૂપીયા બે લાખ પુરાની રકમનું અકસ્માત વિમા વળતર મળી રહે તે હેતુથી ન્યુ ઈન્ડીયા એશ્યોરન્સ કું. સાથે વ્યવસ્થા ગોઠવેલ છે. સદરહુ અકસ્માત વિમા હેતુ વ્યક્તિ સભાસદની ઉંમર ૧૮ થી ૭૫ વર્ષની રહેશે. સદરહું સભાસદો માટેના વિમાની મુદત વધુ ૧ વર્ષ માટે રીન્યુ કરી આવશ્યક પ્રીમીયમની રકમ ભરી આપવામાં આવેલ છે. સભાસદશ્રીઓને આ અકસ્માત વિમા વળતરનો લાભ વ્યક્તિદીઠ વિમા કંપનીના ધારાધોરણને અનુસરીને મળવાપાત્ર રહેશે. જેની આથી સર્વે સભાસદો જોગ સહર્ષ જાહેરાત કરીએ છીએ. સભાસદશ્રીઓને વિનંતી છે કે, તેઓ પોતાના જરૂરી **KYC** ડોક્યુમેન્ટની નકલો બેન્કની લાગુ પડતી કચેરીએ રજુ કરી પોતાની પ્રોફાઈલ અપડેટ કરાવવા વિનંતી..

## –:: સભાસદો / ગ્રાહકો જોગ નમ્ર નિવેદન ::–

બેન્ક દ્વારા ઈશ્યુ કરાયેલ આપના **ATM CUM DEBIT** કાર્ડના નંબર, **CVV** નંબર, **OTP, ATM PIN, MOBILE APP. PIN** વગેરે કોઈને પણ જણાવશો નહીં. બેંકના કર્મચારીઓ કયારેય આવી માહિતી માંગતા નથી. ટેકનોલોજી આધારીત ગુન્હાઓની વધતી જતી સંખ્યાઓને ધ્યાને લઈ થોડી સાવચેતી રાખવાથી થનાર મોટા નુકશાનથી બચી શકાશે. આપ પાસેથી બેન્કના નામે આવી કોઈપણ વિગતો ફોન પર માંગવામાં આવે તો તુરંત બેન્કની લાગુ પડતી કચેરીનો સંપર્ક કરી યોગ્ય જાણ કરશો.

ગ્રાહકો/સભાસદો જોગ વિશેષ ખાસ સુચના કે, જે સભાસદ/ગ્રાહક બેન્ક સાથેના તેઓના વ્યવહાર, માહિતીની આપ–લે તેમજ પત્ર વ્યવહાર ઈ–મેઈલ દ્વારા કરવા ઈચ્છુક હોય તેઓએ લાગુ પડતી શાખાની મુલાકાત લઈ પોતાનું ઈ–મેઈલ એડ્રેસ રજીસ્ટર કરાવવા ઘટતી કાર્યવાહી કરવી. બેન્કના રેકર્ડ પર નહીં નોંધાયેલા હોય તેવા કોઈપણ ઈ–મેઈલ એડ્રેસ પરથી થયેલા કોમ્યુનીકેશનને ધ્યાને લેવામાં આવશે નહીં જેની ખાસ નોંધ સભાસદો/ગ્રાહકોએ લેવા વિનંતી છે.

## –:: સભાસદો જોગ ડિવિડન્ડ અંગે ખાસ અનુરોધ ::–

*બેન્ક દ્વારા જાહેર કરાયેલા ડીવીડન્ડને જાહેર કર્યાની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં વટાવવામાં નહીં આવે તો તે ડીવીડન્ડ ની વણ ચૂકવાયેલ રકમ નિયમાનુસાર બેન્કના રીઝર્વ ભંડોળ ખાતે જમા લઈ જવામાં આવશે. સભાસદશ્રીઓને વિશેષ અનુરોધ છે કે, બેન્ક દ્વારા જાહેર કરાતા/ચુકવાતા ડીવીડન્ડની રકમ સીધી પોતાના ખાતામાં જમા મેળવવા હેતુ બેન્કની લાગુ પડતી કચેરીની મુલાકાત લઈ પોતાના ખાતાની વિગતો શેર વિભાગમાં અપડેટ કરાવવા વિનંતી છે.*

## –:: ખાસ સુચના ::–

**બેન્કના અહેવાલના વર્ષના ઓડીટરશ્રી દ્વારા ચકાસાયેલા અને પ્રમાણિત કરેલ વાર્ષિક હિસાબો નિયમાનુસાર પ્રસિદ્ધ કરાયેલ છે. જેનું વ્યક્તિગત રીતે સત્યથી વેગળું તેમજ ભ્રામક, ખોટું અને સંસ્થાની માનહાની કરતું વિશ્લેષણ કરી સોશીયલ મીડીયા દ્વારા કે અન્ય રીતે ચર્ચાઓ કરી સંસ્થાના હિતોને નુકશાન પહોંચાડવાની પ્રવૃત્તિ કરનાર/કરાવનાર સભાસદશ્રી કે અન્ય ની સામે બેન્કે લાગુ પડતા કાયદાના પ્રાવધાનો અંતર્ગત પગલા લેવાની ફરજ પડશે જેની ખાસ નોંધ લેશો...**

# પેટાનિયમ સુધારા–વધારા દરખાસ્ત

| ક્રમ | પેટાનિયમ | જુનો પેટાનિયમ | નવો પેટાનિયમ | કારણો |
|---|---|---|---|---|
| (૧) | સભાસદપણું<br>પેટાનિયમ<br>(૮)<br>બેંકનું<br>કાર્યક્ષેત્ર | આ બેંકનું કાર્યક્ષેત્ર ગીર સોમનાથ, જુનાગઢ, રાજકોટ તથા જામનગર જિલ્લાના શહેર અને અર્ધશહેરી વિસ્તારો પુરતું છે. તેમાં બેંકના તમામ સભાસદો તથા ગ્રાહકોનો જયાં સારો વ્યાપાર હશે તેવા શહેરી અને અર્ધશહેરી સ્થળોએ જિલ્લા રજીસ્ટ્રારશ્રી તથા રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની પુર્વ મંજુરી મેળવીને આ બેંકની શાખા ખોલી શકાશે. આ પેટા નિયમોમાં કોઈપણ જાતનો ફેરફાર કરતા અગાઉ રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની અને રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓની લેખીત પુર્વ મંજુરી જરૂરી રહેશે. તદઉપરાંત જયાં સભાસદનો સારો વેપાર ધંધો હશે તેવા ગુજરાત રાજયના શહેરમાં શાખા ખોલી શકાશે તે શાખાઓનો કાર્યપ્રદેશ જે છે તે ટાઉન અને મ્યુનીસીપલ કોર્પોરેશનની હદ અને તે ટાઉન અને શહેરોની સંબંધીત સીમાક્ષેત્ર રહેશે અને સહકારી રજીસ્ટ્રારશ્રી તથા રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની અગાઉથી મંજુરી મેળવી શાખા ખોલવામાં આવશે. | આ બેંકનું કાર્યક્ષેત્ર સમગ્ર ગુજરાત રાજય પુરતું રહેશે. ગુજરાત રાજયભરમાં કોઈપણ સ્થળે લાગુ પડતા પ્રવર્તમાન કાયદાના પ્રાવધાન, નિયમો મુજબ મંજુરી મેળવીને આ બેંકની શાખાઓ ખોલી શકાશે. આ પેટાકાયદામાં કોઈપણ સુધારા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા તેમજ રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓની મંજૂરી મેળવવાની રહેશે. | રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા દ્વારા નવેસરથી ઠરાવ પસાર કરી મોકલવા સુચનાને આધિન |
| (૨) | પેટાનિયમ<br>૧૮ (બ)<br>નવો | નવો | બેંકની બોર્ડ ઓફ ડિરેકટર્સની મીટીંગ, બોર્ડ ઓફ મેનેજમેન્ટની મીટીંગ, કોઈપણ કમીટીની મીટીંગ અથવા બેંકની સાધારણ સભા ડિઝીટલ એટલે કે, વર્ચ્યુઅલ માધ્યમથી બોલાવવામાં આવશે અને આ પ્રકારે બોલાવવામાં આવેલ કોઈપણ મીટીંગ કે સભા નિયમો અનુસારની ગણાશે. | વહીવટી સરળતા / કાયદા સાથે સુસંગત થવા સારૂ |

| ક્રમ | પેટાનિયમ | જુનો પેટાનિયમ | નવો પેટાનિયમ | કારણો |
|---|---|---|---|---|
| (૩) | પેટાનિયમ ૨૭ (અ) | બોર્ડ ઓફ ડીરેકટર્સના ચુંટાયેલા ડીરેકટરની મુદત પાંચ વર્ષની રહેશે. નિવૃત થતા ડીરેકટર જો ડીરેકટર થવાની લાયકાત ધરાવતા હશે તો ફરીથી ચુંટાવાને પાત્ર રહેશે. ચુંટણી સાધારણસભાએ નકકી કરેલ અને રજીસ્ટ્રારશ્રીએ મંજુર કરેલ નિયમોને આધિન અથવા રાજય સરકાર દ્વારા રાજપત્રમાં જાહેરનામાથી જાહેર કરે તેવા નિયમો મુજબ સતાધિકારી દ્વારા દર પાંચ વર્ષે કરવામાં આવશે.<br><br>બોર્ડ ઓફ ડીરેકટર્સના ચુંટાયેલા હોદેદારોની મુદત બોર્ડ ઓફ ડીરેકટર્સની ચુંટણીની તારીખથી અઢી વર્ષની રહેશે. હોદેદારો પૈકી ચેરમેન, મેનેર્જીગ ડીરેકટર, જોઈન્ટ મેનેર્જીગ ડીરેકટર બે ટર્મથી વધારે હોદો ધરાવી શકશે નહી. | બોર્ડ ઓફ ડીરેકટર્સના ચુંટાયેલા ડીરેકટરની મુદત પાંચ વર્ષની રહેશે. નિવૃત થતા ડીરેકટર જો ડીરેકટર થવાની લાયકાત ધરાવતા હશે તો ફરીથી ચુંટાવાને પાત્ર રહેશે. ચુંટણી સાધારણસભાએ નકકી કરેલ નિયમોને આધિન દર પાંચ વર્ષે કરવામાં આવશે.<br><br>બોર્ડ ઓફ ડીરેકટર્સના ચુંટાયેલા હોદેદારોની મુદત બોર્ડ ઓફ ડીરેકટર્સની ચુંટણીની તારીખથી અઢી વર્ષની રહેશે. હોદેદારો પૈકી ચેરમેન, મેનેર્જીગ ડીરેકટર, જોઈન્ટ મેનેર્જીગ ડીરેકટર બે ટર્મથી વધારે હોદો ધરાવી શકશે નહી. | કાયદા સાથે સુસંગત થવા સારૂ |
| (૪) | પેટાનિયમ ૨૭ (બ) | ઉમેદવાર જે તે મતદાર વિભાગ / મંડળનો સ્થાનિક રહેવાસી હોવો જોઈએ, જે વ્યકિત સભાસદ તા. ૩૧મી માર્ચના રોજ પુરા થતા વર્ષના પહેલાના સતત ત્રણ હિસાબી વર્ષથી (સહકારી કાયદાની કલમ ૧૧૫ (સી) ૧ એ મુજબ) અગર તે પહેલા એક શેર ધરાવતો હશે અને ઉમેદવારી કરે તે દિવસે બેંકના સભાસદ તરીકે ચાલુ હશે, પેટા નિયમ ૧૬–અ મુજબની તથા અન્ય કોઈ ગેરલાયકાત નહી ધરાવતા હોય તેમજ આખરી મતદાર યાદીમાં મતદાર તરીકે જેઓનું નામ હશે. અને જેની પાસે ઉમેદવારી નોંધાવી તે દિવસે કલીન ઓવરડ્રાફટ / કલીન લોન બાકી નહી હોય, તથા અન્ય કોઈ કરજદારના જામીનદાર તરીકે | ઉમેદવાર જે તે મતદાર વિભાગ / મંડળનો સ્થાનિક રહેવાસી હોવો જોઈએ, જે વ્યકિત સભાસદ તા. ૩૧ મી માર્ચના રોજ પુરા થતા વર્ષના પહેલાના સતત ત્રણ હિસાબી વર્ષથી (સહકારી કાયદાની કલમ ૧૧૫ (સી) ૧ એ મુજબ) અગર તે પહેલા એક શેર ધરાવતો હશે અને ઉમેદવારી કરે તે દિવસે બેંકના સભાસદ તરીકે ચાલુ હશે, પેટા નિયમ ૧૬–અ મુજબની તથા અન્ય કોઈ ગેરલાયકાત નહી ધરાવતા હોય તેમજ આખરી મતદાર યાદીમાં મતદાર તરીકે જેઓનું નામ હશે. અને ઉમેદવારી નોંધાવે તે દિવસે જેની પાસે કે લાગુ પડતા કાયદામાં દર્શાવેલા સગા– સંબધીઓની કોઈપણ લોન/ધિરાણ બાકી નહી હોય અથવા | |

| ક્રમ | પેટાનિયમ | જુનો પેટાનિયમ | નવો પેટાનિયમ | કારણો |
| --- | --- | --- | --- | --- |
| | | ચાલુ નહી હોય અને આ બેંક કે અન્ય કોઈ પણ સહકારી સંસ્થામાં મુળ કરજદાર તરીકે પેઢી યા પ્રોપ્રાઈટરશીપ કન્સર્નનાં વહીવટમાં વહીવટદાર કે ભાગીદાર તરીકે ધિરાણ પરત આપવાનું ઓવરડયુ નહી થઈ ગયુ હોય અને જેની સામે નિતીની રૂએ હલકો ગણાતો ફોજદારી ગુન્હો સાબીત થયો નહી હોય તેમજ કોઈપણ કોર્ટએ જેઓને નાદાર ઠરાવ્યા નહી હોય અને જેઓએ રૂા.૨૦,૦૦૦/– (વીસ હજાર) પુરાની બાંધી મુદતની થાપણ મુકેલી હોય તેજ ઉમેદવારી માટે લાયક ગણાશે. વ્યકિત સભાસદની હેસીયત સિવાય પેઢીના ભાગીદાર કે પ્રોપ્રાઈટરશીપ કન્સર્નના માલીક તરીકે કંપની યા અન્ય કોઈ નામે શેર જેઓ ધરાવતા હશે તેઓ તે હેસીયતથી ડિરેકટર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે નહી કે દરખાસ્ત કરી શકશે નહી ઉમેદવારી કરનારે રૂા.૬,૦૦૦/– (છ હજાર) પુરા અનામત જમા કરાવવાની રહેશે. જે કુલ માન્ય રહેલ મતના ૧૦ ટકા અથવા તેથી ઓછા મત મળ્યેથી જપ્ત કરવાને પાત્ર ઠરશે. બેંકનો કોઈપણ પગારદાર કર્મચારી ડીરેકટર થઈ શકશે નહી. | આવા સગા સબંધીઓ કોઈ લોન કે ધિરાણમાં જામીનદાર નહી હોય અને આ બેંક કે અન્ય કોઈપણ સહકારી સંસ્થામાં મુળ કરજદાર તરીકે પેઢી યા પ્રોપ્રાઈટરશીપ કન્સર્નનાં વહીવટમાં વહીવટદાર કે ભાગીદાર તરીકે ધિરાણ પરત આપવાનું ઓવરડયુ નહી થઈ ગયુ હોય અને જેની સામે નિતીની રૂએ હલકો ગણાતો ફોજદારી ગુન્હો સાબીત થયો નહી હોય તેમજ કોઈપણ કોર્ટએ જેઓને નાદાર ઠરાવ્યા નહી હોય અને જેઓએ રૂા. ૨૦,૦૦૦/– (વીસ હજાર) પુરાની બાંધી મુદતની થાપણ મુકેલી હોય તેજ ઉમેદવારી માટે લાયક ગણાશે. વ્યકિત સભાસદની હેસીયત સિવાય પેઢીના ભાગીદાર કે પ્રોપ્રાઈટરશીપ કન્સર્નના માલીક તરીકે કંપની યા અન્ય કોઈ નામે શેર જેઓ ધરાવતા હશે તેઓ તે હેસીયતથી ડિરેકટર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે નહી કે દરખાસ્ત કરી શકશે નહી ઉમેદવારી કરનારે રૂા. ૬,૦૦૦/– (છ હજાર) પુરા અનામત જમા કરાવવાની રહેશે. જે કુલ માન્ય રહેલ મતના ૧૦ ટકા અથવા તેથી ઓછા મત મળ્યેથી જપ્ત કરવાને પાત્ર ઠરશે, ચુંટાયેલા / વિજેતા જાહેર થયેલ ઉમેદવારની ચુંટણી ડિપોઝીટ જપ્ત થવાને પાત્ર રહેશે નહી. બેંકનો કોઈપણ પગારદાર કર્મચારી ડીરેકટર થઈ શકશે નહી. | વહીવટી સરળતા અને કાયદા સાથે સુસંગત થવા સારૂ |

| ક્રમ | પેટાનિયમ | જુનો પેટાનિયમ | નવો પેટાનિયમ | કારણો |
|---|---|---|---|---|
| (૫) | નફાની વ્હેચણી<br><br>પેટાનિયમ ૪૪ (૮) (અ) ૧ નવો | નવો | સહકારી કાયદાની કલમ ૬૭ –ક ની જોગવાઈ મુજબ ચોખ્ખા નફાના ૮ % અથવા ૧૫ % જેટલી રકમ બેડ ડેફ્ટ રિઝર્વ ખાતે લઈ જવામાં આવશે. | સહકારી કાયદાની કલમ ૬૭–ક સાથે સુસંગત થવા |
| (૬) | ચુંટણીના પેટા નિયમ<br><br>પેટાનિયમ ૫ | ઉમેદવારી પત્ર લેખીત અને ઠરાવેલા નમુનામાં હોવા જોઈએ અને તેમાં ઉમેદવારનું નામ, તેનો ધંધો અને સરનામું વિગેરે સ્પષ્ટ રીતે લખેલા હોવા જોઈએ અને ઉમેદવારી પત્ર પુરેપુરૂ ભરેલા હોવા જોઈએ. (ઉમેદવારી પત્રનો નમુનો સામેલ છે.) | ઉમેદવારી પત્ર લેખીત અને ઠરાવેલા નમુનામાં હોવા જોઈએ અને તેમાં ઉમેદવારનું નામ, તેનો ધંધો અને સરનામું વિગેરે સ્પષ્ટ રીતે લખેલા હોવા જોઈએ અને ઉમેદવારી પત્ર પુરેપુરૂ ભરેલા હોવા જોઈએ. ઉમેદવારી પત્રનું ફોર્મેટ વખતો વખત નકકી કર્યા પ્રમાણેનું રહેશે. | વહીવટી સરળતા અને કાયદા સાથે સુસંગત થવા સારૂ |
| (૭) | ચુંટણીના પેટા નિયમ<br><br>પેટાનિયમ ૨૧ નવો | નવો | મતદાન તેમજ મત ગણતરી હેતુ માન્ય ઈલેકટ્રોનીક ઉપકરણ / ઉપકરણોને ઉપયોગમાં લઈ શકાશે. | વહીવટી સરળતા અને કાયદા સાથે સુસંગત થવા સારૂ |

# બેન્કની ડીજીટલ સેવાઓ...

RTGS - NEFT
ત્વરીત ફંડ ટ્રાન્સફર

SMS Service
દરેક ટ્રાન્ઝેકશનના એલર્ટ

NACH વડે મળતા સરકારી
લાભો સીધા ખાતામાં

IMPS 24 X 7
ત્વરીત ફંડ ટ્રાન્સફર



POS - Debit Card
ઓફ લાઈન શોપીંગ



QR Code
સરળતાથી નાણાં ટ્રાન્સફર




e-commerce Debit Card
ઓનલાઈન શોપીંગ




MOBILE BANKING
APPLICATION

CTS CLEARING